સેક્ટર-૩૦ મુક્તિધામના સફાઈ કામદારોને ભોજન માટે કાચું સીધું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની આત્મન ફાઉન્ડેશન સંસ્થાના પ્રજ્ઞાબેન પટેલ અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના પ્રાધ્યાપક ડૉ. ગેલજીભાઈ ભાટીયા દ્વારા ગાંધીનગરના સેક્ટર-૩૦, મુક્તિધામમાં ૨૪ કલાક કામ કરતા ડાઘુ અને સફાઈ કામદારના પરિવારોને ભોજન માટેનું કાચું સીધું આપવામાં આવ્યું હતું. સેવાભાવી સંસ્થાઓ દ્વારા અને એમાંયે ગૂજરાત વિદ્યાપીઠનાં ગ્રામસેવા સંકુલ-સાદરાનું ગ્રામસેવા કાર્યો કર્યાનું બેનમૂન કાર્ય કરાઈ રહ્યું છે, તેમ સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે જણાવ્યું હતું.

ચિલોડા ખાતે બાગાયત સહાયલક્ષી યોજનાઓ અંગે બાગાયત ખાતાની શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૨૪

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય ફળ અને શાકભાજી વર્ષ નિમિત્તે ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે સુપ્રસિદ્ધ ચેહરમાતાજીના સાનિધ્યમાં બાગાયાત ખાતાની એક ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના બાગાયત અધિકારી ભરતભાઈ ચૌધરી તથા પલ્લવ સાવલિયાએ બાગાયત સહાયકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર થાય તેવા માર્ગદર્શન હેઠળ યોજનાકીય માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોના બાગાયાત તેમજ યોજનાકીય લાભોને લગતાં પ્રશ્નોનું નિરાકરણ પ્રશ્નોત્તરીરૂપે લાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. આ શિબિરમાં ઉપસ્થિત પ્રગતિશિલ ખેડૂતોને બાગાયતી ખેતી માટે ૩૦ એપ્રિલ સુધી અરજી કરી દેવા જણાવ્યું હતું. આગામી સીઝનમાં જેનું પણ વાવેતર કરવાનું હોય તેની અરજી પણ અત્યારથી જ કરવી અને તેનું બિલ જે તે સમયે વાવેતર કરીએ ત્યારે ડોક્યુમેન્ટ સાથે મુકવાનું હોય છે. ત્યારબાદ બાગાયત અધિકારી વાવેતરનો સર્વે કરશે અને બિલ પાસ કરે છે. આ ઉપરાંત બાગાયાતલક્ષી ઉપયોગી માહિતી ખેડૂતોને માર્ગદર્શનરૂપે આપી હતી. બાગાયતી ખેતી અપનાવો અને સમૃદ્ધિ લાવોના સુત્રને સાર્થક કરવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. કાચા મંડપ-પાકા મંડપ અર્ધ પાકા મંડપ અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી.

અકસ્માતનું તરકટ રચી એક ગઠીયો ૨૬ લાખ ૩૦ હજાર ભરેલ બેગ લઈને ગઠિયો ફરાર

અમદાવાદ, તા.૨૪

તમે મારી એક્ટિવા સાથે તમારી કાર અથડાવી છે. કહીને અકસ્માતનું તરકટ રચી એક ગઠીયાએ કાર ચાલકને વાતોમાં લઈ બીજી તરફથી બીજો ગઠિયો ડ્રાઈવર સીટની બાજુમાં મુકેલ રૂપિયા ૨૬ લાખ ૩૦ હજાર ભરેલ બેગ લઈને ફરાર થઈ ગયો છે.

નિકોલ વિસ્તારમાં રહેતા અને દરિયાપુર હાર્ડવેર ટ્રેડિંગની ઓફિસ ધરાવતા પ્રવીણભાઈ પટેલ આર.કે.આંગડિયા પેઢીમાંથી લીધેલ રૂપિયા ૨૬ લાખ ૭૦ હજાર એક બેગમાં મૂકીને બેગ ડ્રાઈવર સીટની બાજુમાં મૂકીને સ્વસ્તિક ચાર રસ્તા નવરંગપુરા ચાર રસ્તા તરફ જઈ રહ્યા હતા.

તે દરમિયાન હરિઓમ રેસ્ટોરન્ટ પાસે સાંજના સવા સાતેક વાગ્યાની આસપાસ એક એક્ટિવા ચાલક ડ્રાઈવર સીટની બાજુની સીટ પાસે આવેલ અને તમે મારી એક્ટિવા સાથે તમારી કાર અથડાવેલ છે. જેથી ફરિયાદીએ કારનો કાચ ખોલીને તેની સાથે વાતચીત કરેલ. એવામાં આ ગઠિયો એક્ટિવા લઈને ડ્રાઈવર સીટ તરફના દરવાજા પાસે આવ્યો હતો. જો કે આ સમયગાળા દરમિયાન અન્ય એક મોટર સાયકલ પર આવેલ બે ગઠિયાઓ ડ્રાઈવર સીટની બાજુના દરવાજા પાસે આવીને પાછળ બેઠેલા ઈસમે ગાડીમાં પડેલ રૂપિયા ૨૬ લાખ ૭૦ હજાર રોકડ ભરેલ બેગ લઈને ફરાર થઈ ગયાં હતા.

ગાંધીનગરમાં ડેરાના ભક્તો એકઠા થયા, ડેરા સચ્ચા સૌદાના આધ્યાત્મિક સ્થાપના દિવસની ઉજવણી કરી

આકરી ગરમી વચ્ચે પણ ગુજરાત રાજ્યના વિવિધ બ્લોકમાંથી ડેરાના ભક્તો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા : ૧૩૮ માનવતાવાદી કાર્યો હેઠળ ૫૨૯ અતિ જરૂરિયાતમંદ પરિવારોને એક માસનું રાશન આપવામાં આવ્યું : પક્ષી બચાવ અભિયાન અંતર્ગત પક્ષીઓની તરસ છીપાવવા ૫૨૯ સાકોરાનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૪

ડેરા સચ્ચા સૌદાનો આધ્યાત્મિક સ્થાપના દિવસ રવિવારે ગાંધીનગરમાં ગુજરાતના તમામ ડેરા ભક્તો દ્વારા આદર અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. સેક્ટર-૨૨ રંગમંચ ગ્રાઉન્ડમાં આયોજિત પવિત્ર ભંડારાના નામે ડેરા ભક્તોની સંખ્યા એટલી મોટી હતી કે નામચર્ચા પંડાલ પણ ઓછા પડ્યા હતા. નામની ચર્ચા દરમિયાન, ડેરાના ભક્તોએ સમગ્ર વિશ્વમાં ગુરુજી દ્વારા ચલાવવામાં આવી રહેલા ૧૩૮ માનવતાવાદી કાર્યોમાંથી 'ફૂડ બેંક' અભિયાન હેઠળ ૫૨૯ સૌથી વધુ જરૂરિયાતમંદ પરિવારોને એક મહિનાની રાશન કીટનું વિતરણ કર્યું. પક્ષી બચાવ અભિયાન અંતર્ગત પક્ષીઓની તરસ છીપાવવા ૫૨૯ સાકોરાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમણે "ધન-ધન સતગુરુ તેરા હી આસરા" ના નારા લગાવીને અને આવેલા આધ્યાત્મિક સાથીઓને અભિનંદન આપીને આ કર્યું. જે બાદ કવિઓએ પવિત્ર ગ્રંથોના ભજનોનું ગાન કરીને નામચર્ચા પંડાલને ભક્તિમય બનાવ્યો હતો. નામની ચર્ચા દરમિયાન ડેરાના ભક્તોએ એકતામાં તેમના હાથ ઉંચા કર્યા અને માનવતાના ભલા માટેના કાર્યોને ઝડપી બનાવવાના તેમના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો.

માનવતાના માર્ગ પર હંમેશા મક્કમતાથી ચાલો : આદરણીય ગુરૂજી

નામચર્ચા દરમિયાન સાધ-સંગતે મોટી એલઈડી સ્ક્રીનો દ્વારા ગુરુ સંત ડૉ. ગુરમીત રામ રહીમ સિંઘજી ઈન્સાનના રેકોર્ડ કરેલા અમૂલ્ય શબ્દોને આદરપૂર્વક સાંભળ્યા. ગુરુજીએ કહ્યું કે વ્યક્તિએ હંમેશા પોતાના પદને યાદ રાખવું જોઈએ. કોઈપણ જીવને મારવા, ત્રાસ આપવો એ રાક્ષસોનું કામ છે, મનુષ્યનું નથી. જૂઠું ન બોલવું, છેતરપિંડી ન કરવી, અપ્રમાણિકતા ન કરવી, ભ્રષ્ટાચાર, લાંચ ન લેવી અને ક્યારેય કોઈનું ખરાબ ન માનવું, ટીકા કે નિંદા ન કરવી. આપણા ધર્મોમાં આ બધું લખેલું છે, પણ આજે માણસ આ બધું કરે છે. મનુષ્યે આવું ન કરવું જોઈએ. ગુરુજીએ કહ્યું કે વ્યક્તિએ હંમેશા સત્ય અને માનવતાના માર્ગ પર મક્કમતાથી ચાલવું જોઈએ.

ગુજરાતના ગરબા અને દાંડિયા આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા

પવિત્ર ભંડારાની નામ ચર્ચા દરમિયાન ગુજરાતના પ્રખ્યાત લોકનૃત્ય ગરબા અને દાંડિયા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ટ્રેડિશનલ ડ્રેસમાં ડેરાના ભક્તો જ્યારે નામચર્ચામાં પહોંચ્યા ત્યારે બધાની નજર તેમના પર ટકેલી હતી. ડેરાના ભક્તોએ પરંપરાગત સંગીતના વાદ્યો પર ગરબા કરીને પોતાની ખુશી અને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. સાથે જ નામચર્ચા પંડાલ, સ્ટેજ અને મુખ્ય દ્વાર પણ ગુજરાતની સંસ્કૃતિના રંગે રંગાયેલા જોવા મળ્યા હતા. સંગીતની ધૂન પર ગાતા અને નાચતા આવતા સંઘ-સંગતના ચહેરા પર તેમના સંપૂર્ણ સતગુરુજી પ્રત્યેની શ્રદ્ધા અને આદર દેખાતો હતો.

ડેરા સચ્ચા સૌદાની સ્થાપના ૨૯ એપ્રિલ ૧૯૪૮ના રોજ થઈ હત

ઉલ્લેખનીય છે કે ડેરા સચ્ચા સૌદાની પ્રથમ પાટશાહીની સ્થાપના પૂજ્ય સાંઈ શાહ મસ્તાનાજી મહારાજ દ્વારા ૨૯ એપ્રિલ ૧૯૪૮ના રોજ કરવામાં આવી હતી. બીજા પતશાહી પરમ પિતા શાહ સતનામ જી મહારાજે દેશના વિવિધ ભાગોમાં હજારો સત્સંગો કર્યા અને લાખો લોકોને ગુરુમંત્ર આપીને અને આદરણીય ગુરુ સંત ડૉ. ગુરમીત રામ રહીમ સિંહ જીના પવિત્ર ઉપદેશોનું પાલન કરીને માનવતાના માર્ગ પર માર્ગદર્શન આપ્યું. ડેરા સચ્ચા સૌદા. ભક્તો ૧૩૮ માનવતાના સારા કાર્યો કરવામાં વ્યસ્ત છે. આ સાર્વજનિક સત્કાર્યોમાં ગરીબ બાળકોને સારા સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક આહાર, મહિલાઓને રોજગારમાં આત્મનિર્ભર બનાવવા માટે મફત સિલાઈ મશીન, રક્તદાન, શરીર દાન, કિડની દાન, વૃક્ષારોપણ, ગરીબ કન્યાઓના લગ્ન, રાશન વિતરણ જેવા અનેક કાર્યોનો સમાવેશ થાય છે. જેમાં નેત્રદાન, લોકોને દવાઓમાંથી બહાર કાઢવું, આર્થિક રીતે નબળા દર્દીઓને મફત સારવાર આપવી, વિકલાંગોને ટેકો આપવા માટે ટ્રાઈસિકલ આપવી, ગરીબો માટે ઘર બનાવવા વગેરેનો સમાવેશ થાય છે. તે જ સમયે, ૨૯ એપ્રિલ ૨૦૦૭ના રોજ પૂજ્ય ગુરુજીએ આધ્યાત્મિક જામ શરૂ કર્યો અને મૃત માનવતાને પુનર્જીવિત કરવાની પહેલ કરી.

ગુરૂભક્તિ આગળ બધી વ્યવસ્થા નાની છે

પવિત્ર ભંડારાની નામ ચર્ચામાં હાજરી આપવા પહોંચેલા સાધ-સંગતના ખાવા-પીવા અને બેસવા માટે સ્થાનિક સાધસંગત દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે આ કામો સુચારૂ રીતે ચલાવવા માટે શનિવારે જ તા એક હજારથી વધુ સેવાદારોએ પોતપોતાની ફરજો સંભાળી હતી. પરંતુ સાધ-સંતોના ભારે ઉત્સાહની સામે વ્યવસ્થાઓ ક્ષીણ થતી જણાઈ હતી. ચર્ચાના અંતે થોડીવારમાં જ તમામ ડેરાના ભક્તોને ભોજન અને પ્રસાદ ખવડાવવામાં આવ્યો.

ખૂણેખાંચરેથી

● દહેગામ મારૂતિનંદન સીએનજી પંપ પર કારમાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી.

● કલોલ તાલુકાના નારદીપુર ગામે ૨૭ એપ્રિલના રોજ નવનિર્માણ પામનાર રામજી મંદિરની ખાતવિધિ યોજવામાં આવી છે.

● ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આયોજિત બિન સચિવાલય કારકુન અને ઓફિસ આસિ.ની સ્પર્ધાત્મક પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. ૩૮ ટકા જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા.

● "ડેરા સચ્ચા સૌદા"ની ૭૪મી વર્ષગાંઠ નિમિત્તે આજે સે. ૨૨ના રંગમંચ પર યોજાયેલ કાર્યક્રમમાં હાજર ભક્તોને ગરમી ના લાગે તે માટે સ્વયંસેવકો વીંઝણાથી પવન નાખતા જોવા મળ્યા હતા.

● ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વોર્ડ નં. ૫ માં આજે ટિફિન બેઠકનું આયોજન સે. ૨૨માં સત્યમ્ સોસાયટી સામેના બગીચામાં કરાયુ હતુ.

● આ સપ્તાહમાં વિવિધ ગ્રહો તેમના ગૃહ બદલી રહ્યા હોવાની વાતોથી લોકોમાં અનેક તર્ક વિતર્ક વાતો થઈ રહી છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો હોવાથી નાઈટ વોકર્સની સંખ્યા વધી છે.

● શાળાઓમાં જેમ જેમ પરીક્ષાઓ પૂર્ણ થઈ રહી છે તેમ તેમ સેક્ટરોના બગીચાઓમાં બાળકોની ભીડ જામી રહી છે.

● જી.પી.એસ.સી.માં નવા ચેરમેનની નિયુક્ત થઈ ન હોવાથી ફાઈલોનો ખડકલો થઈ જવા પામ્યો છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ખોટા સહી-સિક્કા મારી આધારકાર્ડ કાઢતા ત્રણ શખ્સો સામે ફરીયાદ

ગુજરાત સામાજીક આંતર માળખાકીય સોસાયટીની ટીમે તપાસ કરતા ખોટા સહીસિક્કાવાળા ફોર્મ મળ્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે આધારકાર્ડને લઈ અનેક ફરીયાદો ઉઠવા પામી હતી. ત્યારે કલેકટર કચેરીના આધાર કેન્દ્રમાં ગુજરાત સામાજીક આંતર માળખાકીય સોસાયટીની ટીમે અચાનક તપાસ કરતા સક્ષમ અધિકારીની ખોટી સહી-સિક્કાવાળા કોરા ફોર્મ દ્વારા અરજદારોના આધારકાર્ડ કાઢવાની પેરવી કરનાર સુપરવાઈઝર સહિત ત્રણ શખ્સો સામે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે વહીવટી વિભાગમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર પ્રશાંતસિંહ પરમારે નોંધાવેલ ફરીયાદ મુજબ કલેકટર કચેરી ઓફિસમાં આધારકાર્ડ નોંધણી સહિતની કામગીરી ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવી રહ્યું છે.ગત તા.૧૯ મી એપ્રિલના રોજ ગુજરાત સામાજીક આંતર માળખાકીય સોસાયટીની ટીમ દ્વારા આધાર કેન્દ્ર ખાતે અચાનક ચેકીંગ કરવામાં આવ્યુંહતું. ઓપરેટર પાસેથી નોંધણીના ફોર્મમાં સહીસિક્કા કરેલા કુલ-૭ કોરા ફોર્મ મળી આવ્યા હતા. આ ફોર્મ શંકાસ્પદ જણાતા આધારની કામગીરીમાં ગેરરીતી થતી હોવાની તપાસ કરતા રીપોર્ટ કરવામાં આવ્યો હતો.જયારે ફોર્મમાં કરેલા સહી સિક્કા ખોટા હોવાનું સામે આવ્યું હતું. અચાનક તપાસ હાથ ધરતા સુપરવાઈઝર ક્રુપેન હસમુખ પટેલ, આધાર કેન્દ્ર પર હાજર જોવા મળ્યો હતો. જયારે નોંધણી કરનાર ઓપરેટર વિરેન અરવિંદ રાઠોડ અને જગદીશ ઉકાભાઈ બાવરી પાસેથી ૭ ફોર્મ મળી આવ્યા હતા. જેમાં ૭ ફોર્મ પૈકી ૨ ફોર્મમાં સર્ટીફાયર તરીકે કલેકટરના પીઆરઓ જેનીલ શાહના સિક્કા માર્યા હતા. જયારે ત્રીજા ફોર્મમાં કલેકટર કચેરી ડીસ્ટ્રીકટ પ્લાન ઓફિસર એન.જી.પટેલ જિલ્લા આયોજન અધિકારીના સહીસિક્કા મારેલા હતા. જયારે ચોથા ફોર્મમાં મામલતદાર એમ.બી.કડીયાનો સિક્કો સહી હતી. જયારે પાંચમાં ફોર્મમાં સર્ટીફાયર તરીકે એન.જી.પટેલ, ડીપીઓ ગાંધીનગરના સહી સિક્કા માર્યા હતા. સમગ્ર મુદ્દે સેકટર-૭ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

હોટલ બહાર ખાટલામાં સુઈ રહેલા રસોઈયાને કારીગરે કુહાડી મારી

શાહપુર-પાલજ માર્ગ પર મયુર હોટલનો બનાવ

ઈજાગ્રસ્ત ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ, કારીગર કુડાહી મારી ફરાર, ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી,

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શાહપુર-પાલજ માર્ગ પર મયુર હોટલ ખાતે રાત્રીના એક વાગ્યાના અરસામાં ખાટલામાં સુઈ રહેલા રસોઈયા પર કારીગરે કુહાડી ઝીંકતા ગંભીર ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા છે.બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શાહપુર ગામે રહેતા રમેશભાઈ મણાજી ઠાકોરની શાહપુર-પાલજ માર્ગ પર આઈટીઆઈ નજીક મયુર હોટલ આવેલી છે. હોટલમાં ચાર કારીગરો કામ કરે છે.જેમાં મહેન્દ્ર મીણા, અનિલ દુર્જન મીણા, અનિલ રાણાજી મહારાજ અને મુકેશ મેઘવાલ નો સમાવેશ થાય છે. જેમાં હોટલમાં રોજ રસોઈનુ કામકાજ કરતો મહેન્દ્ર રજા પર છે. જેથી મયુર હોટલમાં જમવાનું તૈયાર કરવાનું કામ અનિલ મહારાજ કરી રહ્યા છે. જયારે બીજા વ્યકિતઓ હોટલનું નાનુ મોટુ કામ કરે છે. ગતરાત્રીના સાડા દશ વાગ્યાના સમયે હોટલ બંધ કરી હોટલ માલિક ઘરે જવા માટે નીકળ્યા હતા. તે સમયે કારીગરો વાસણો ધોઈ રહ્યા હતા. ત્યારબાદ રાત્રીના સમયે અનિલ મહારાજ ખાટલામાં સુઈ રહ્યા હતા. તે સમયે કારીગર અનિલ દુર્જન મીણા હાથમાં કુહાડી લઈ અનિલ મહારાજ પાસે જઈને મોંઢાના ભાગે કુહાડી મારી હતી. અનિલ મહારાજે ચીસ પાડતા નજીકમાં સુઈ રહેલ મુકેશ મેઘવાલ દોડી આવ્યો હતો. તે સમયે અનિલ મીણા કુહાડી ફેંકી દઈને નાસી ગયો હતો. ત્યારબાદ હોટલ માલિક સહિતના વ્યકિત એકઠા થઈ જતા ગંભીર રીતે ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જયા અનિલને હોઠ અને મોંઢાના ભાગે ઈજા પહોંચતા સઘન સારવાર શરુ કરી છે. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી અનિલ મીણાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોટા ચિલોડા શ્રી બળિયાદેવ મહારાજના મંદિરે ભવ્ય નવચંડી હવનનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે આવેલું શ્રદ્ધા અને આસ્થાના પ્રતિક સમા શ્રી બળિયાદેવ મહારાજના મંદિરના પટાંગણમાં શ્રી બળિયાદેવ મહારાજ અને મહાકાળી યુવક મંડળ તથા સમસ્ત ગ્રામજનોના સહયોગથી ચૈત્ર-વદ નોમના પવિત્ર દિવસે નવચંડી યજ્ઞનો ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં યુવક મંડળ દ્વારા આયોજિત મોટી સંખ્યામાં હવન-યજ્ઞમાં ભાવિક યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. આ મહોત્સવમાં સવારે

વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રામાં બહેનોએ માથે જળ ભરેલો તાંબાના ઘડો અને આસોપાલવના પાન અને શ્રીફળ સાથે સંગીતના તાલે બળિયાદેવ મહારાજના મંદિરે આવી જળ અભિષેક કરી ધન્યતા અનુભવી હતી. આ મહોત્સવમાં શાસ્ત્રીજી મહારાજ દ્વારા શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે યજ્ઞ દ્વારા પૂજા-અર્ચના કરી હતી. બપોર બાદ યજ્ઞમાં શ્રીફળ હોમવાની વિધિમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. એક વર્ષ બાદ કોરોનાની મહામારીથી ગામ રોગમુક્ત બને તેવી પ્રાર્થના કરી હતી.

દારુ-બિયરનો જથ્થો ભરેલી ટ્રક સઈજ પાસેથી એલસીબી પોલીસે પકડી પાડી

ગાંધીનગર, તા.૨૪

હરીયાણા થી મીનીટ્રકમાં દારુ-બિયરનો જથ્થો ભરીને નીકળેલી ટ્રક અડાલજ પહોંચે તે પહેલા જ માર્ગમાં સઈજ પાસેથી એલસીબી પોલીસે પકડી પાડી હતી. ટ્રકમાંથી તાડપત્રીની આડમાં છુપાઈને રાખેલી દારુ-બિયરની ૩૦૮૪ બોટલ મળી આવી હતી. પોલીસે ટાટા ૪૦૭ મીની ટ્રક, મોબાઈલ ફોન, દારુ-બિયર તેમજ રોકડ મળી કુલ રૂ.૧૩,૭૪,૬૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ

વિજયસિંહ નવલસિંહ અને રતનસિંહ ચુતરસિંહને મળેલી બાતમીને પગલે પોલીસે કલોલ થી અડાલજ માર્ગ પર સઈજ પાસેથી વિદેશી દારુ ભરેલી ટાટા ૪૦૭ મીની ટ્રક નં. ડી. એલ. ૧. એલ.ડબલ્યું-૪૪૩૯ ને પકડી પાડ્યો હતો. જયારે ટ્રકમાં સવાર ડ્રાઈવરને નામ પુછતા તેણે શ્રવણ બાબુલાલ બિસ્નોઈ (ઢાક રહે ગામ ભાટીપ ઢોકોકી ધાણી થાણા કરડા તા.રાણીવાડા જી.જાલોર), હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે ટ્રક ચેક કરતા તેમાં તાડપત્રીની આડમાં પ્લાસ્ટીકના કુલ ૮૨ થેલા સિવેલી હાલતમાં હતા. જે તમામ થેલા ચેક કરતા તેમાં દારૂ બિયરના ટીન મળી કુલ ૩૦૮૪ જેની કુલ કિ. ૯,૬૭,૫૦૦ તેમજ આરોપી પાસેથી એક મોબાઈલ કિ.૫ હજાર તેમજ રોકડ રૂ.૨૧૩૦ મળી આવી હતી. પોલીસે શખ્સને દારુના જથ્થા વિશે પુછતા તેણા આ જથ્થો વિક્રમસિંહ જબબરસિંહ રાઠોડ (રહે લોહારૂ મોટીસીટી જી ભીવાની હરીયાણા) ગાડીમાં ભરી આપ્યો હતો. ગાંધીનગર અડાલજ ખાતેથી તેનો માણસ આવી માલ ભરેલી ગાડી લઈ જશે તેમ જણાવ્યું હતું.

આઈઆઈટીઈમાં ૨૪ એપ્રિલથી એડમિશનની પ્રક્રિયા શરૂ

ગાંધીનગર, તા. ૨૪

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન-આઈઆઈટીઈ) ગાંધીનગર દ્વારા ૨૪ એપ્રિલથી સેન્ટર ઓફ એજ્યુકેશન તથા ટીચર યુનિવર્સિટી સાથે સંલગ્ન રાજ્યની બી.એડ. કોલેજોમાં વિવિધ સ્નાતક, અનુસ્નાતક અને શિક્ષણ વિદ્યાશાખામાં રીસર્ચના કાર્યક્રમોમાં અભ્યાસ વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રવેશ મેળવવા માટેની ઓનલાઈન એપ્લિકેશન પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા બી.એસસી-બી.એડ. તથા બી.એ.-બી.એડ.ના ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો ઉપરાંત, ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ ઈનોવેટિવ એમ.એસસી./એમ.એ.-એમ.એડ., ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ બી.એડ.-એમ.એડ., બે વર્ષના એમ.એડ. અભ્યાસક્રમો અને શિક્ષણ વિદ્યાસાખામાં સંશોધનાત્મક કાર્યક્રમ પીએચ.ડી. ચલાવવામાં આવે છે. આ ઈન્ટિગ્રેટેડ કોર્સમાં પ્રવેશ મેળવીને વિદ્યાર્થીઓ ચાર વર્ષમાં બે બેચલર ડિગ્રી મેળવી શકે છે અને તેમનું એક મહત્વપૂર્ણ વર્ષ બચાવી શકે છે.

આ ઉપરાંત ગત બે વર્ષથી રાજ્યની અન્ય તમામ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજોનું જોડાણ આઈઆઈટીઈ સાથે થયું છે. આ તમામ ૫૯ કોલજોના બે વર્ષના બી.એડ. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા પણ આઈઆઈટીઈ દ્વારા હાથ ધરવામાં આવશે. આ પ્રવેશ પ્રક્રિયા આઈ.આઈ.ટી.ઈ. સંલગ્ન રાજ્યની સરકારી બી.એડ. કોલેજોની ૨૯૫૦ બેઠકો, આઈઆઈટીઈ ખાતે ચાલતા ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો બી.એસસી.-બી.એડ. તથા બી.એ.-બી.એડ.ની ૧૦૦-૧૦૦ બેઠકો તથા ઈનોવેટિવ કોર્સ એમ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સની ૧૦૦ બેઠકો તથા ઈન્ટિગ્રેટેડ બી.એડ.-એમ.એડ. કોર્સની ૫૦ બેઠકો, એમ.એડ. ગુજરાતી માધ્યમ અને એમ.એડ. અંગ્રેજી માધ્યમની અનુક્રમે ૫૦-૫૦ બેઠકો માટે કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓએ 'આઈ ઉટી' પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે. આ વિશે માહિતી આપતા યુનિવર્સિટીએ જણાવ્યું કે 'ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ ફોર ટીચર ટ્રેઈનીએ પ્રવેશવાંચ્છુક વિદ્યાર્થીઓમાં શિક્ષક બનવા માટેની ક્ષમતા ચકાસવા માટેની પ્રવેશ પરીક્ષા છે. આ પરીક્ષા માટેની એપ્લિકેશન આઈઆઈટીઈની વેબસાઈટ પર ઓનલાઈન કરવાની રહેશે. તા. ૨૪ એપ્રિલથી શરૂ થયેલી પ્રવેશ પ્રક્રિયામાં ૧૫ મે સુધી ઓનલાઈન એપ્લિકેશન કરી શકાશે.'